અપીલ અરજી નં.૧૮૧ તા.૨૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભોલા પ્રસાદ પાંડેય કોસાધ્યક્ષ મહારાણા પ્રતાપસેના
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભોલા પ્રસાદ પાંડેય કોસાધ્યક્ષ મહારાણા પ્રતાપસેનાની તા. ૧૩ – ૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સર્વે નં. ૨૧૩/૩ ગણેશ નગર ડિંડોલીમાં આપ સાહેબના પ્લાન મુજબ કેટલા પ્લોટ પાડવામાં આવેલ છે જે પ્લાનના આધારે પ્લોટીંગ પાડવામાં આવેલ છે આ પ્લાનની નકલ કોપી અને જગ્યાના માલિક અને પાવરદારના નામ પતા સહિત પ્લાનની નકલ કોપી આપવા વિનંતી. પ્લાન પાસ થયા પછી આનગરનુ જમીન કપાત કરવામાં આવેલ છે કે કેમ ? જો જમીનના કપાત કરવામાં આવેલ હોય તો કઈ જગ્યાનાં કયા કયા નંબરના પ્લોટ કપાત કરવામાં આવેલ છે અને હાલમાં આનગરમાં મ.ન.પા.ના આધારે કેટલા પ્લોટ ગણતરીમાં આવે છે બધાની સ્પષ્ટ વિગત આપવા વિનંતી. આ વિસ્તારમાં આવેલ હાઈટેન્શન પાવરની નીચેની જગ્યામાં પ્લોટીંગ પાડવામાં આવેલ છે કે કેમ? જો પ્લોટીંગ પાડવામાં આવેલ છે તો કયા સાઈઝમાં કેટલા પ્લોટ છે તેની સ્પષ્ટ જાણકારી આપવા વિનંતી. આપ સાહેબની કચેરીમાં તા.૪/૧૧/૦૭ અને ૩૦/૫/૧૧, ૨/૬/૧૧,૧૦/૬/૧૧માં મારા હસ્તક આપેલ અરજી ઉપર જો કોઈ કામગીરી કરવામાં આવેલ હોય તો તે અરજી સાથે બધાની નકલ કોપી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૧/૨૦૧૧–૧૨

શ્રી ભોલા પ્રસાદ પાંડેય કોસાધ્યક્ષ મહારાણા પ્રતાપસેનાની તા. ૧૩ – ૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સર્વે નં. ૨૧૩/૩ ગણેશ નગર ડિંડોલીમાં આપ સાહેબના પ્લાન મુજબ કેટલા પ્લોટ પાડવામાં આવેલ છે જે પ્લાનના આધારે પ્લોટીંગ પાડવામાં આવેલ છે આ પ્લાનની નકલ કોપી અને જગ્યાના માલિક અને પાવરદારના નામ પતા સહિત પ્લાનની નકલ કોપી આપવા વિનંતી પ્લાન પાસ થયા પછી આ નગરનું જમીન કપાત કરવામાં આવેલ છે કે કેમ ? જો જમીનના કપાત કરવામાં આવેલ હોય તો કઈ જગ્યાનાં કયા કયા નંબરના પ્લોટ કપાત કરવામાં આવેલ છે અને હાલમાં આ નગરમાં મ.ન.પા.ના આધારે કેટલા પ્લોટ ગણતરીમાં આવે છે બધાની સ્પષ્ટ વિગત આપવા વિનંતી. આ વિસ્તારમાં આવેલ હાઈટેન્શન પાવરની નીચેની જગ્યામાં પ્લોટીંગ પાડવામાં આવેલ છે કે કેમ ? જો પ્લોટીંગ પાડવાામં આવેલ છે તો કયા સાઈઝમાં કેટલા પ્લોટ છે તેની સ્પષ્ટ જાણકારી આપવા વિનંતી. આપ સાહેબની કચેરીમાં તા.૪/૧૧/૦૭ અને ૩૦/૫/૧૧, ૨/૬/૧૧, ૧૦ /૬/૧૧ માં મારા હસ્તક આપેલ અરજી ઉપર જો કોઈ કામગીરી કરવામાં આવેલ હોય તો તે અરજી સાથે બધાની નકલ કોપી આપવા બાબતે મળેલ જવાબથી સંતુષ્ટ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૦ તા.૨૯–૭–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ જવાબની નકલ સાથે સંતુષ્ટ નથી તેવા દાવા અંગે આધાર વિગતો રજૂ કરવા સાથે તેમણે અપીલ સાથે જા.મા.અ. તરફથી મળેલ પ્રત્યુતરની નકલ કે વિગતો પણ રજુ કરેલ નથી. અપીલમાં તેઓ "સંતુષ્ટ નથી" "આપવાનો ઈન્કાર" બંને બાબતો જણાવેલ હોઈ કયા મુદ્દા માટે સંતુષ્ટ નથી અને કયા માટે ઈન્કાર જણાવેલ છે તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પુરક વિગતો મળેલ નથી. પરંતુ અત્રે ઓફિસે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૨૩૨ તા.૧૬–૭–૧૧ ના રોજની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૧૩–૬–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન ખાતે કરવામાં આવેલ. લીંબાયત ઝોન તરફથી મળેલા જવાબથી સંતુષ્ટ નથી તેવું જણાવી તથા માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તેવું જણાવી તા. ૨૧–૭–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. જેની સાથે આરટીઆઈના નિયમ–૬ મુજબ મળેલ માહિતી અને આધાર રજુ કરવાના હોય છે. તેમ છતાં અરજદારે રજુ કરેલ નથી. જે અંગે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૫૬૦ તા. ૨૯–૭–૧૧થી બંને પક્ષકારોને અપીલ તબકકે પુરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ.પરંતુ અરજદારે માહિતી મળ્યા અંગેની નકલ કે સંતુષ્ટ નહીં હોવા બાબતે અપીલ તબકકે તક આપવા છતાં રજુ કરેલ નથી. કોઈ આધાર પુરાવા રજુ કરેલ તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપ્યા અંગેની કે પોતાનો પક્ષ રજુ કરવા બાબતે કોઈ વિગતો પુરી પાડેલ નથી. પણ ઓફિસે મળેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૨૩૨ તા.૧૬–૭–૧૧ ની નકલ અત્રે મળેલ છે. જેમાં અરજદારને " સ.ન. ૨૧૩/૩, ગણેશનગર ડીંડોલીમાં લીંબાયતઝોન કક્ષાએથી કોઈ પ્લાન મંજુર કરવામાં આવેલ નથી. જેથી તેની નકલ

લીંબાયતઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેથી માહિતી આપી શકાય તેમ નથી. વધુમાં સદર જગ્યામાં પાડવામાં આવેલ પ્લોટો બાબતની કોઈ માહિતી લીંબાયતઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવવામાં આવેલ. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. પરંતુ અરજદારની તા.૪–૧૧–૦૭, ૩૦–૬–૧૧ ,૨–૬–૧૧ અને ૧૦–૬–૧૧ ની અરજીઓ જો આવી કોઈ અરજીઓ મળેલ હોય તો તે બાબતે થયેલી કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. આ સિવાયની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૪–૧૧–૦૭, ૩૦–૬–૧૧,૨–૬–૧૧ અને ૧૦–૬–૧૧ ની અરજીઓ મળેલ હોય તો તે અંગેની કાર્યવાહી બાબતે નહીં પૂરી પડાયેલ માહિતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ....જાણ તથા અમલ માટે.
(૨)શ્રી ભોલા પ્રસાદ પાંડેય